# Second India-EU Maritime Security Dialogue

February 01, 2022

# દ્વિતિય ભારત-ઈયુ સમુદ્રી સુરક્ષા વાટાઘાટ

ફેબ્રુઆરી 01, 2022

ભારત અને યુરોપિયન યુનિયને 1 ફેબ્રુઆરી 2022ના રોજ વર્ચ્યુઅલ ફોર્મેટમાં તેમની બીજી સમુદ્રી સુરક્ષા વાટાઘાટ યોજી હતી. આ પરામર્શમાં દરિયાઈ સુરક્ષા ક્ષેત્રની ઘટનાઓ, ભારતના ઈન્ડો-પેસિફિક મહાસાગરોમાં સહકાર માટે ઈયુની વ્યૂહરચના આવરી લેતા નીતિગત કામો, ભારત-ઈયુ મેરીટાઈમ સહકાર અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા મુદ્દાઓને ઉકેલવા માટે પ્રાદેશિક પહેલનો સમાવેશ થાય છે.

ભારત અને ઈયુએ જૂન 2021માં એડનના અખાતમાં તેમની સફળ સંયુક્ત નૌકાદળ કવાયત બાદ, દરિયાઈ ક્ષેત્રની જાગૃતિ, ક્ષમતા નિર્માણ અને સંયુક્ત નૌકાદળ પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં સહકારની ચર્ચા કરી હતી.

ભારત અને ઈયુ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં મુક્ત, ખુલ્લી, સર્વસમાવેશક અને નિયમો આધારિત સમુદ્રી વ્યવસ્થા માટે પ્રતિબદ્ધ છે, જે પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વ, લોકશાહી, કાયદાના શાસન, નેવિગેશન અને ઓવરફ્લાઈટની સ્વતંત્રતા, અવિરત કાયદેસર વાણિજ્યના આદર દ્વારા આધારીત હોય. તેમાં આંતરરાષ્ટ્રીય કાયદા, ખાસ કરીને યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન લો ઓફ ધ સી (યુએનસીએલઓએસ) અનુસાર વિવાદોનું શાંતિપૂર્ણ નિરાકરણ પણ સામેલ છે.

આ બેઠકનું સહ-અધ્યક્ષપદ ભારતીય વિદેશ મંત્રાલય ખાતે નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતોના સંયુક્ત સચિવ સંદીપ આર્ય અને યુરોપીયન એક્સટર્નલ એક્શન સર્વિસ ખાતે સિક્યોરિટી અને ડિફેન્સ પોલિસીના ડિરેક્ટર કુ. જોનેક બેલ્ફર્ટએ સંભાળ્યું હતું.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 01, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.